શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૧૦
ઓક્ટોબર : ૨૦૨૩

સ્મૃતિ મહોત્સવ

યજ્ઞ અનુષ્ઠાન પરાયણ
પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

તા. 27 થી 31 ડિસેમ્બર, 2023

નૂતન વર્ષાભિનંદન

ૐ

" શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ "

શ્રીહરિના લાડીલા સર્વે વહાલા ભક્તજનો !

નૂતન વર્ષાભિનંદન સહ સર્વને હેતથી

જય સ્વામિનારાયણ !

" દીપાવલી તેમજ નૂતન વર્ષની શુભકામનાઓ "

દીપાવલીનું મંગલ પર્વ આપણા અંતરને અજવાળાથી ભરીદ્યે એવી શ્રીહરિ ચરણમાં પ્રાર્થના !

નૂતન વર્ષનો નૂતન સૂર્યોદય આપના જીવનમાં નવા નવા આનંદ અને ઉમંગની મેઘધનુષી ભાત ભરે ! નૂતન વર્ષે આપની નવી આશાઓ નવી અપેક્ષાઓ શ્રીહરિ પૂર્ણ કરે

નવું વર્ષ આપને જીવનની સફળતાના નવા નવા સોપાનોને સર કરવાની ઊર્જા પૂરી પાડે.

વહાલા ભક્તજનો ! આપ જાણો છો આપહીં સર્વે આ વર્ષ અખંડ અનુષ્ઠાન પરાયણ પુરાણીસ્વામીની પાવન સ્મૃતિમાં ભજન પર્વ તરીકે ઉજવી રહ્યા છીએ. વિશેષમાં આપ એ પણ જાણો છો કે આવતા ડીસેમ્બર માસના છેલ્લા સપ્તાહમાં આપણે પુરાણીસ્વામીની પાવન તરી સ્મૃતિમાં સદ્ગુરુ સ્મૃતિ મહોત્સવ ઉજવી રહ્યા છીએ. ઉત્સવનો દિવસો નજીક છે. આપ ઉત્સવમાં પરિવાર સહ પધારો એવું અમારું આપને હાર્દિક આમંત્રણ છે. આવા મહોત્સવોનો લાભ આપણને ભાગ્યેજ મળતો હોય છે.

આપના સમગ્ર પરિવારને પુરાણીસ્વામી બાળકૃષ્ણદાસજી પુરાણીસ્વામી હરિસ્વરૂપદાસજી વગેરે સર્વ સંતો તેમજ

વિદ્યાર્થીઓવતી સ્નેહાધીન

માધ્યમ દાસના

જય સ્વામિનારાયણ

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૧૫, ઓક્ટોબર : ૨૦૨૩, અંક : ૧૦

-: પ્રકાશક તથા માલિક :-
પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

ગુલતાન ગાન કી તાન મઈ...

ગુલતાન ગાન કી તાન મઈ,
હરિ મોહત રાસ રસીલે કી...ગુલ૦
નાચત થોમ થનનન થનનન,
નેપુર ધૂની ઝનનન ઝનનન;
ધર ભુજ બાજુન ધુધરી ખનનનન,
ગીતન છબીરંગ રંગીલે કી. ગુલ૦
પદ ઠનનન ઠનનન ઠનનનનન,
ધરની ધૂની ધનનન ધનનનન;
તોરત તાનનન તોમ તનનનનન,
છોગન છબી છેલછબીલેકી. ગુલ૦
મોહત જળચર થળચર ગાન ધૂની,
તજે ખાનપાન તનભાન સૂની;
વિધુ રવિરથ સ્થિર જીમી હોત પુનિ,
કૃષ્ણાનંદ ચિત્ત બસીલે કી. ગુલ૦

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

ऐतिहासिक तवारीखो में...

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય સંત પરંપરામાં પરમ પૂજ્ય શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી...

'પુરાણી સ્વામી.'

એક ટૂંકું અને નાનકડું, છતાં સૌને પ્યારું નામ....

જેનાં દર્શન કરવાં માત્રથી પ્રસન્નતા, પ્રેમ અને પ્રભુભક્તિના સ્પંદનો દર્શનાર્થીને અનુભવાય એ સંતવર્ય એટલે પુરાણી સ્વામી.

શ્રી ગોપીનાથજી મહારાજનાં સાંન્નિધ્યમાં, ગઢપુરધામમાં જેમનું જીવન સમર્પિત થયું અને ગુરુદેવ નારાયણપ્રસાદદાસજી સ્વામીએ જેમનું સમર્પણ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના હસ્તકમળમાં સમર્પણ કર્યું એ સાધુ ભક્તિપ્રકાશદાસજી, એટલે કે આપણા પૂજ્ય પુરાણી સ્વામી.

ગઢપુરધામમાં શ્રી ગોપીનાથજી મહારાજનાં દિવ્ય સાંન્નિધ્યમાં જેમનું સાધુજીવન, વિદ્યાજીવન તેમજ સેવાજીવનનું જીવન ઘડતર થયું અને ગઢપુરથી ગુરુકુલ સુધી જેમની જીવનયાત્રા બાળપણથી યુવાની સુધી થનગનતી રહી એવા સંતવર્ય એટલે પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી.

'आकृति गुणान् कथयति।'

આ સૂક્તિ અનુસાર પૂજ્ય પુરાણી સ્વામીનાં દર્શન જ તેમના સંતત્વની સાક્ષી બની રહેતું. એમનાં વ્યક્તિત્વની પ્રતિભા સૌને પ્રસન્નતા અને શાંતિનો અહેસાસ કરાવતી.

પુરાણી સ્વામી પાસે બેસવું સૌને ગમે. નાના બાળક સાથે બાળક જેવા, યુવાનો સાથે ઉત્સાહિત અને પ્રેરક યુવાન જેવા. વડીલો સાથે સમજદાર અને ગંભીર બુઝર્ગ જેવા, તેમજ મહાન સંતોની આગળ વિનમ્ર સેવક બની રહેનારા આ સંતનું સમગ્ર જીવન સદાય સૌના માટે આશીર્વાદરૂપ અને પ્રેરણાદાયી બની રહ્યું છે.

'ગોપીનાથ મારો પ્રાણ...'

જેમનો જન્મ જ શ્રી ગોપીનાથજી મહારાજ માટે થયો હોય એ રીતે બાળપણમાં જ પૂજ્ય પુરાણી સ્વામીનું સમર્પણ માતા-પિતા દ્વારા ગઢપુર ધામમાં બિરાજમાન શ્રીગોપીનાથજી મહારાજના શ્રીચરણોમાં થયું.

લક્ષ્મીવાડી નિવાસી સંતવર્ય દૂધવાળા નારાયણપ્રસાદ સ્વામીના શિષ્યભાવે આ નાનકડા સંતે દોડીદોડીને સેવા-ભક્તિ કરવા માંડી.

પુત્રના લક્ષણ પારણામાંથી અને સાધુના લક્ષણ એના દૈનિક જીવનમાંથી પ્રગટ થતા હોય છે. એ ન્યાયે નાનકડા પુરાણી સ્વામી ગઢપુર ધામમાં સંતોના સાંન્નિધ્યમાં સેવા કરે, વિદ્યાભ્યાસ કરે, ભજન કરે અને સૌના રાજીપાના

પાત્ર બની રહે. આ રીતે એમનાં સાધુજીવનની શરૂઆત અદ્‌ભુત રીતે થઈ.

મોટા મોટા સંતોના સાંન્નિધ્યમાં 'શ્રી ગોપીનાથજી મહારાજ એ જ સાક્ષાત શ્રીજીમહારાજ છે' એવી દ્રઢ શ્રદ્ધા અને વિશ્વાસ અંતરમાં ધારણ કરીને પુરાણી સ્વામીએ પોતાનું તન-મન અને સમગ્ર જીવન સેવા-ભક્તિમય બનાવી દીધું. ભક્તિનો પ્રકાશ ફેલાવતા આ સંતે શ્રીગોપીનાથજી મહારાજ સહિત સર્વ સંતો-હરિભક્તો અને આચાર્ય મહારાજશ્રીઓનો રાજીપો પ્રાપ્ત કરેલો છે.

અંતિમ શ્વાસ સુધી 'ગોપીનાથ મારો પ્રાણ... ગોપીનાથ મારો પ્રાણ...' એવું ભજન કરનારા પૂજ્ય પુરાણી સ્વામીએ આપણને પણ ગળથૂથીમાં ગોપીનાથજી મહારાજ પાયા છે.

'सब गुन पूरन परम विवेकी...' સાધુ સદ્‌ગુણોથી શોભે છે. ત્યાગ-વૈરાગ્ય સહિત સેવાના સંસ્કારો જેના જીવનમાં દ્રઢ થયેલા હોય એવા સંતો ઠાકોરજીની સેવા કરે, સંતોની આજ્ઞામાં રહે, કથાવાર્તા કરે, સત્સંગ વિચરણ કરે, હરિભક્તોને તેમજ અન્ય ભાવિકજનોને પણ સત્સંગ કરાવે, શ્રીજી સ્થાપિત દેવોના વિવિધ સેવાવિભાગોમાં પોતાનું જીવન સમર્પિત કરે; ત્યારે કેટલાક સદ્‌ગુણો સૌની આંખે ઊડીને વળગે અને સૌ એ સંતના વખાણ કરે ત્યારે પણ જેને માન ન આવે, અભિમાન ન આવે અને 'હું કંઈક છું એવી પણ લાગણી ન થાય.' એવા જો કોઈ સંતને આપણે જાણવા હોય, માણવા હોય તો એ આપણા પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી સ્વામી હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં...

પુરાણી સ્વામી મૂળભૂત રીતે ગઢપુરધામના સંત, છતાં પણ તેમનું સમગ્ર જીવન શ્રીસ્વામિનારાયણ ગુરુકુલમાં પસાર થયું. પોતાના ગુરુદેવની આજ્ઞા અને અપેક્ષા પ્રમાણે પુરાણી સ્વામી શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે વિદ્યાભ્યાસ માટે આવેલા. શાસ્ત્રો-પુરાણોનો વિદ્યાભ્યાસ કરતાં કરતાં સાધુજીવનની શિક્ષા પણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસેથી પ્રાપ્ત કરી. ગઢપુરધામ અને ગુરુકુલ વચ્ચે આ સંત એક એવા સેતુ બની રહ્યા કે ગઢપુર ધામના બધા જ સંતો હંમેશાં ગુરુકુલમાં વિવિધ ઉત્સવ-મહોત્સવ પ્રસંગે વિવિધ સેવા વિભાગો સંભાળી લેતા. એટલું જ નહીં, પરંતુ ગુરુકુલના સંતો, વિદ્યાર્થીઓ, હરિભક્તો સહિત સર્વે પરિવારજનોને અદ્યાપિપર્યંત ગઢપુર ધામ શ્રીગોપીનાથજી મહારાજ એમની સાથે જોડી રાખનારા આ સંતવર્ય પુરાણી સ્વામી આપણા જીવનના આધ્યાત્મિક પોષક બની રહ્યા છે.

'निर्मानमोहा जितसंगदोषा...'

'જેમ બાળક હોય તેને કોઈ દિવસ માનનો સંકલ્પ હોય નહીં તેમ જ સાધુને તો ગમે તેટલી પૂજા પ્રતિષ્ઠા થતી હોય તો પણ બાળકની પેઠે માને રહિત વર્તવું.' -વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ- ૫૬

શ્રીજી મહારાજનાં મુખારવિંદનાં આ દિવ્ય વચનામૃતના શબ્દોને સાકારિત કરતું જીવન જીવનારા એક સાધુ, એક સંત, એક પરમહંસ આપણને સાક્ષાત મળ્યા એ જ આપણા સદ્‌ભાગ્ય અને એ જ આપણી પ્રેરણા અને એ જ આપણું જીવન બની રહે એવી અંતરની અભિલાષા.

પૂજ્ય પુરાણી સ્વામી ત્રીસ વર્ષથી અમદાવાદ-છારોડીમાં કાયમી રહ્યા. SGVPમાં આવેલી વાડી સ્વામીની કર્મભૂમિ. અહીં સ્વામી ઠાકોરજીના થાળ માટે શાકભાજીની ખેતી કરે. વૃક્ષો, લતાઓ અને વનરાજીથી ઘેરાયેલું એકાંત રમણીય સ્થળ - પૂજ્યપાદ જોગી સ્વામીની સમાધિ સ્થળ હૃદય કુટીર તથા આમળાના વૃક્ષોની ભૂમિ સ્વામીની સાધના-અનુષ્ઠાનની ભૂમિ. આ સ્થાન પુરાણી સ્વામીનું અત્યંત પ્રિય અધ્યાત્મ સાધનાનું કેન્દ્ર.

આ વૃક્ષો નીચે બેસીને પૂજ્ય પુરાણી સ્વામીએ અનેક અનુષ્ઠાનો અને યજ્ઞો કર્યા છે. વચનામૃત અનુષ્ઠાન, સર્વમંગલ અનુષ્ઠાન, જનમંગલ અનુષ્ઠાન સાથે મહાયજ્ઞ અને વિષ્ણુયાગ દ્વારા પુરાણી સ્વામીએ ઠાકોરજીના આરાધનાના અનેક પ્રયોગો દ્વારા સૌને ખૂબ ખૂબ પ્રેરણાઓ આપેલી છે.

પૂજ્યપાદ જોગી સ્વામીના અક્ષરધામ ગમન પછી સૌને પુરાણી સ્વામીમાં જોગી સ્વામીના ભજનાનંદી સ્વભાવનાં દર્શન થતાં. પુરાણી સ્વામીનું વ્યક્તિત્વ અને સમગ્ર જીવન સદાય પારદર્શી રહ્યું છે. નિખાલસતાથી ભરેલું, ભાવપૂર્ણ નિર્દોષ બાળક જેવું અને કોઈપણ પ્રકારના આડંબર વિનાનું ખુલ્લી કિતાબ જેવું એમનું જીવન. સંપર્કમાં આવનાર દરેકને પ્રભાવિત અને પ્રકાશિત કરતું રહ્યું છે.

સ્વામીએ ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની યજ્ઞ-અનુષ્ઠાન પરાંપરાનું ખૂબ શ્રદ્ધા અને ભક્તિ સાથે વહન કર્યું. સ્વામીએ અનેક યજ્ઞ-અનુષ્ઠાનો કર્યા. એમાંથી કેટલાક અનુષ્ઠાનોની જે નોંધ થઈ તેની થોડી ઝાંખી અહીં કરવી છે. સાથે સાથે સ્વામીની કેટલીક સ્મૃતિઓને પણ તાજી કરવી છે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીને આપણે ગુરુકુલ દર્શનનાં આ દિવાળી અંકમાં ઐતિહાસિક તવારીખોમાં માણીએ.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી જીવન પર્યંત યજ્ઞ-અનુષ્ઠાન પરાયણ રહ્યા. સ્વામીએ અનેક અનુષ્ઠાનો તથા યજ્ઞો કર્યા. જેની ટૂંકી માહિતી સાથે ચિત્રદર્શન કરીએ.

SGVP ખાતે તારીખ ૨૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૦૭ દરમિયાન ૩૧ કુંડી મહાવિષ્ણુયાગ

ઓક્ટોબર ૨૦૦૭ દરમિયાન પૂજ્ય જ્ઞાનજીવન સ્વામી તથા સંતોના સાંનિધ્યમાં કુંડળધામ ખાતે મહાવિષ્ણુયાગ

તારીખ ૩ થી ૭ નવેમ્બર, ૨૦૦૮ દરમિયાન ઉગામેડી ગામે ૫ કુંડી મહાવિષ્ણુયાગ

તારીખ ૫ થી ૧૧ નવેમ્બર, ૨૦૦૯ દરમિયાન પૂજ્ય જોગી સ્વામીના સાંનિધ્યમાં ૨૧ કુંડી મહાવિષ્ણુયાગ, અમદાવાદ ગુરુકુલ

તારીખ ૨૮ એપ્રિલથી ૯ મે, ૨૦૧૦ દરમિયાન SGVP ખાતે આવેલ હનુમાનજી મંદિરે અનુષ્ઠાનાત્મક યજ્ઞ. આ અનુષ્ઠાન દરમિયાન જન્મંગલ સ્તોત્રનું પુરશ્ચરણ પૂર્ણ કરેલ.

ઉપલેટા પાસે આવેલા ભાયાવદર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૯ થી ૨૧ એપ્રિલ, ૨૦૧૦ દરમિયાન ૯ કુંડી મહાવિષ્ણુયાગ.

SGVP આમળાનાં વનમાં અગિયાર હજાર જન્મંગલ નામાવલિ દ્વારા તુલસીદલથી પૂજન તથા યજ્ઞ, તા. ૧૭ થી ૨૮ નવેમ્બર, ૨૦૧૦.

તારીખ ૧ થી 3 મે, ૨૦૧૧ દરમિયાન છપૈયાધામ ખાતે મહાવિષ્ણુયાગનું આયોજન. સંતો સાથે અમદાવાદ, મુંબઈ, રાજકોટના ભક્તજનો જોડાયા હતા.

તારીખ ૮ થી ૧૯ નવેમ્બર, ૨૦૧૧ દરમિયાન આમળાનાં વનમાં જનમંગલ અનુષ્ઠાન તથા મહાવિષ્ણુયાગ. મોટી સંખ્યામાં સંતો-ઋષિકુમારો તથા ભક્તજનો જોડાયા, SGVP

મદનમોહનજી મહારાજના સાંનિધ્યમાં ૧૩ થી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૦ દરમિયાન
૧૩ કુંડી મહાવિષ્ણુયાગ - શ્રી સ્વામિનારાયણ મંદિર ધોલેરા

નાઘેર વિસ્તારના હેમાળ ગામે તા. ૨૨ થી ૨૪ એપ્રિલ, ૨૦૧૦ દરમિયાન ૯ કુંડી મહાવિષ્ણુયાગ.
પડશાળા પરિવાર દ્વારા આયોજિત આ અનુષ્ઠાનમાં સંપ્રદાયના મુર્ધન્ય સંતોએ હાજરી આપી હતી.

તારીખ ૧ થી 3 મે, ૨૦૧૧ દરમિયાન છપૈયાધામ ખાતે મહાવિષ્ણુયાગનું આયોજન.
સંતો સાથે અમદાવાદ, મુંબઈ, રાજકોટના ભક્તજનો જોડાયા હતા.

૨૯ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમિયાન શ્રી સ્વામિનારાયણ મંદિર રાજકોટ ખાતે ૫ કુંડી મહાવિષ્ણુયાગ.
આ આયોજનમાં રાજકોટ નિવાસી ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો.

તારીખ ૨ થી ૪ માર્ચ, ૨૦૧૨ - પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં યોજાયેલ સદ્‌ગુરુ વંદના મહોત્સવના ઉપક્રમે ગુંદાસરા ગામે યોજાયેલ મહોત્સવમાં ૨૫ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ.

શ્રીનિલકંઠવર્ણીની તપોભૂમિ પુલહાશ્રમ ખાતે શ્રીવિષ્ણુયાગ, તા. ૨૬ જૂન - ૨૦૧૨
ઉત્તર ભારતની યાત્રા દરમિયાન પૂજ્ય સ્વામી તથા હરિભક્તો જોડાયા હતા.

વડતાલધામ - ગોમતી કાંઠે ૨૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ
પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, સદ્‌ગુરુ સંતો તથા ભક્તોની વિશેષ ઉપસ્થિતિ.

તારીખ ૨ થી ૪ જુલાઈ-૨૦૧૨, પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં છપૈયાધામ ખાતે શ્રીઘનશ્યામ મહારાજનાં સાંનિધ્યમાં શ્રીમહાવિષ્ણુયાગ.

તારીખ ૧ થી 3 સપ્ટેમ્બરે, ૨૦૧૨ દરમિયાન પ.ભ. શ્રી ધીરુભાઈ અસવારના યજમાન પદે
શ્રીવિષ્ણુયાગ - વડોદરા

તારીખ ૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ - SGVP ખાતે પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં યોજાયેલ સદ્‌ગુરુ વંદના મહોત્સવમાં
વડતાલ પીઠાધીશ્વર આચાર્ય મહારાજ, ધર્માચાર્યો તથા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ ૧૦૮ કુંડી મહાવિષ્ણુયાગ

આમળાનાં વનમાં જનમંગલ સ્તોત્ર, સર્વમંગલ સ્તોત્ર તથા વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું અનુષ્ઠાન
તારીખ ૧૬ થી ૨૯ નવેમ્બર, ૨૦૧૩ - SGVP

અમદાવાદ ગુરુકુલ ખાતે ૧૭ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ
તારીખ ૧૮ થી ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩

તારીખ ૨૭ થી ૨૯ એપ્રિલ, ૨૦૧૪ દરમિયાન
ફાટસર ગામમાં સંતો-ભક્તોજની ઉપસ્થિતિમાં શ્રીમહાવિષ્ણુયાગ

SGVP ખાતે આમળાનાં વનમાં તારીખ ૩ થી ૧૭ નવેમ્બર, ૨૦૧૪ દરમિયાન શ્રીજી મહારાજને પ્રિય વેદાદિ આઠ સત્શાસ્ત્રનું પારાયણ તથા અગિયાર હજાર જન્મંગલ સ્તોત્રનું અનુષ્ઠાન તેમજ પાંચ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે શ્રીકષ્ટભંજનદેવની મૂર્તિપ્રતિષ્ઠા સમયે ૫૧ કુંડી શ્રીમારૂતિયાગ
તારીખ ૬ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૧૫

પૂજ્ય પુરાણી સ્વામીના જીવનનું સૌથી મોટું અનુષ્ઠાન 'સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ' સ્વરૂપે થયું. જેની પ્રેરણા સ્વયં મહારાજે આપી હતી. તા. ૨૩ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૫ - SGVP

વચનામૃત અનુષ્ઠાન, તા. ૧૫ એપ્રિલથી ૧ મે, ૨૦૧૬
આમળાનું વન, SGVP

વાવડી - રાજકોટ ખાતે ૨૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ
તા. ૨૯ થી ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬

૨૫ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, દ્રોણેશ્વર ગુરુકુલ
તા. ૧૦ થી ૧૨ માર્ચ, ૨૦૧૭

૫ કુંડી શ્રીવિષ્ણુયાગ, તા. ૧૬ થી ૧૮ નવેમ્બર, ૨૦૧૭
આમળાનું વન, SGVP

હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારના દશાબ્દી મહોત્સવ પ્રસંગે ૫૫ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, લંડન
લંડન ખાતે સૌપ્રથમવાર અનુષ્ઠાનનું વિશાળ આયોજન

૨૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, વીરપુર (ગઢિયા)
તા. ૮ થી ૧૦ મે, ૨૦૧૮

૨૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, દહિડા
તા. ૧૬ થી ૧૯ મે, ૨૦૧૮

વચનામૃત અનુષ્ઠાન, તા. ૧૮ થી ૨૫ જુલાઈ, ૨૦૧૭
દ્રોણેશ્વર ગુરુકુલ

વચનામૃત સત્ર, તા. ૨૮ ઓગષ્ટથી ૧ સપ્ટેમ્બર, ૨૦૧૯
રીબડા-રાજકોટ ગુરુકુલ

ચાર ધામ યાત્રા બાદ છપૈયા ખાતે ત્રિદિવસીય શ્રીમહાવિષ્ણુયાગ,
પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, સહજાનંદ વિલા - અમદાવાદ તથા વિદેશના ભક્તો જોડાયા હતા.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે વડતાલધામ ખાતે આયોજિત મહોત્સવમાં ૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગનું આયોજન.
સ્વામીના જીવનનું આ છેલ્લું મોટું આયોજન. પૂજ્ય મહારાજશ્રીએ પુરાણી સ્વામીને ભેટીને અભિનંદન પાઠવ્યા હતા. ૨૦૧૯

અમદાવાદથી ભગવાન શ્રી સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયાધામ સુધીની ૧૩૬૬ કિ.મી.ની પદયાત્રા
કરીને પૂજ્ય સ્વામી, સંતો-ભક્તો છપૈયા પહોચ્યા. ૧૪ જાન્યુઆરીથી ૨૨ ફેબ્રુઆરી - ૧૯૯૭

અનુષ્ઠાનપ્રિય સંત પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી સ્મૃતિ મહોત્સવ

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનાં મંડળમાં ૬૦ ઉપરાંત સંતો હતા. આ સંતમંડળમાં સ્વયં ગઢપુરપતિ ગોપીનાથજી મહારાજે સ્વામીને એક અણમોલ સંતની ભેટ મોકલી હતી. એ સંત એટલે પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી ગુરુકુલના શિરમોડ સંત. તેઓએ સ્વામીનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કરેલો. એમનો સરળ સ્વભાવ અને ભજન ગજબનાં હતાં.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે ગોપીનાથજી મહારાજની કૃપાથી સજીવન થયેલ બાળક.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે અનેક વાર શ્રીજી મહારાજનાં સાક્ષાત્ દર્શન કરનાર સંત.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે સ્વામીનો અઢળક રાજીપો પ્રાપ્ત કરનાર સંત.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે સીધા-સાદા, સરળ અને બાળક જેવા નિર્મળ-નિખાલસ સંત.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે મનની ધારણાઓને સહજતાથી છોડી દેનાર સંત.

પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી એટલે જેને કોઈ પ્રત્યે શત્રુભાવ ન હોય એવા અજાતશત્રુ સંત.

પુરાણી સ્વામીના અંતરને મારું-તારું કે પક્ષપાતની બેડીઓ ક્યારેય બાંધી શકી નથી. પુરાણી સ્વામીના હૃદયને રાગ-દ્વેષ ક્યારેય સ્પર્શી શક્યા નથી.

પુરાણી સ્વામીનું જીવન એટલે નિરંતર ભગવત્પરાયણ જીવન. પુરાણી સ્વામીને ભગવાન સિવાય કોઈ વાત ગમે નહીં, કોઈની પારકી પંચાત કરવાનું તો એમને ફાવે જ નહીં. એમની પાસે કોઈ પારકી પંચાત માંડે તો કાં તો વાત બંધ કરાવી દે અથવા તો વાતને વળાંક આપી દે અથવા તો ઊભા થઈને ચાલતા થઈ જાય!

એક પળ પણ નવરા રહ્યા સિવાય નવધા ભક્તિ કર્યા કરવી એ પુરાણી સ્વામીનો સ્વભાવ. ભજન અને અનુષ્ઠાન વિના એમનાથી રહેવાતું જ નહીં. જેમ વ્યસની જીવને વ્યસન સિવાય ન રહી શકાય, એ જ રીતે પુરાણી સ્વામી યજ્ઞ તથા અનુષ્ઠાન વિના રહી શકતા નહીં.

અખંડ અનુષ્ઠાન પરાયણ સંત પુરાણી સ્વામીનું અંતઃકરણ બાળક જેવું નિર્મળ હતું. એમને દિવસે તો મહારાજનું સ્મરણ હોય, રાત્રે પણ સ્વપ્નમાં એમને અવારનવાર શ્રીજી મહારાજ અને મોટા સંતોનાં દર્શન થતાં જ રહેતા.

પુરાણી સ્વામીના જીવનમાં અનેક દિવ્ય પ્રસંગો બનેલા છે. પુરાણી સ્વામી ક્યારેક બાળક જેવી નિખાલસતાથી પોતાના દિવ્ય અનુભવની વાત કરે, એ સાંભળવાનો પણ લ્હાવો રહેતો.

વિવિધ ફૂલોની માળા ભગવાનનાં શ્રીવિગ્રહ ઉપર ખૂબ શોભે, એ જ રીતે પુરાણી સ્વામીનું જીવન ગુરુકુલરૂપી બગીચામાં શોભી ઊઠ્યું. સ્વામીએ પોતાના જીવનની સુવાસ ચોમેર પ્રસરાવી. અનેક લોકો આકર્ષાયા, પ્રભાવિત થયા, ભગવાનમાં જોડાયા.

આવા મહાન સંતની સ્મૃતિમાં શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે અનોખો 'સ્મૃતિ મહોત્સવ' ઉજવવા જઈ રહ્યા છીએ. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે ઉજવાનાર આ મહોત્સવમાં ૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, સહસ્રકલશાભિષેક, કલશયાત્રા, દિવ્યાંગ કેમ્પ, દરિદ્રનારાયણ-દરદીનારાયણની સેવાના અનેક આયોજનો કરવામાં આવ્યા છે.

ભજનપરાયણ સંત પુરાણી સ્વામીની સ્મૃતિમાં ઉજવાનાર આ મહોત્સવમાં સૌથી મોટું આયોજન 'શ્રીસ્વામિનારાયણ' મહામંત્ર જાપનું છે. ગુરુકુલ પરિવાર દ્વારા આજ સુધીમાં અઢી અબજ ઉપરાંત મંત્રજાપ થઈ ચૂક્યો છે અને હજું સંતો-ભક્તો દ્વારા મંત્રજાપ ચાલું છે. ભગવાન તથા સંતોને ભજન ખૂબ વહાલું છે. માટે આ મહોત્સવમાં મંત્રજાપ દ્વારા, વિવિધ આયોજનોમાં તન-મન-ધનથી સેવામાં જોડાઈએ.





સમાચાર દર્શન

જળઝીલણી મહોત્સવ- દ્રોણેશ્વર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભવ્ય જળઝીલણી મહોત્સવ ઉજવાયો. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સાંનિધ્યમાં ઉજવાયેલ મહોત્સવમાં પાલખીયાત્રા, મચ્છુન્દ્રી નદીનું પૂજન, કથાવાર્તાનું શ્રવણ, ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ખૂબ ધામધૂમથી મહોત્સવ ઉજવાયો.

સ્વચ્છતા અભિયાન

ભારત સરકાર દ્વારા ભારતની ધરતીને હરિયાળી, સુંદર અને સ્વચ્છ બનાવવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. આવા સમયે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP ગુરુકુલ દ્વારા ૧૦૮ ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે જળઝીલણી મહોત્સવ પ્રસંગે સંતોએ અમરેલી, જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના ૭૦ જેટલા ગામોમાં ગામના સરપંચ, સ્કૂલના આચાર્ય તથા આગેવાનો સાથે મળી ગામોને સ્વચ્છ બનાવાયા હતા. ઉપરાંત ૨ ઓક્ટોબર દરમિયાન અમદાવાદ ગુરુકુલ ખાતે ગુરુકુલ રોડ ઉપર સફાઈ કરવામાં આવી હતી.

સ્મૃતિ મહોત્સવ-વિજયસ્તંભ સ્થાપન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે આગામી ૨૭ થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન યજ્ઞ-અનુષ્ઠાન પરાયણ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની સ્મૃતિમાં ભવ્ય-દિવ્ય સ્મૃતિ મહોત્સવ ઉજવાવા જઈ રહ્યો છે. જેમાં ૧૦૮ કુંડી મહાવિષ્ણુયાગ, સહસ્રકલશાભિષેક, વ્યસનમુક્તિ અભિયાન, મેડિકલ કેમ્પ જેવા અનેક ધાર્મિક તથા સામાજિક સેવાના આયોજનો થવાના છે. મહોત્સવની તૈયારીના ભાગસ્વરૂપે તારીખ ૧ ઓક્ટોબરના રોજ પૂજ્ય સ્વામીજી તથા સંતો તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોની ઉપસ્થિતિમાં વિજયધ્વજનું સ્થાપન કરવામાં આવ્યું હતું તથા યજ્ઞશાળા નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

SGVP કબડ્ડી ચેમ્પિયનશિપ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે ૧૫-૧૬ ઓક્ટોબર દરમિયાન કબડ્ડી ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં SGVPની શાખાઓ અમદાવાદ, છારોડી, રીબડા, દ્રોણેશ્વરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. SGVP સૂર્યા સ્પોર્ટસ્ એકેડેમી દ્વારા આયોજિત આ ટૂર્નામેન્ટમાં અન્ડર ૧૪-૧૭-૧૯ અને ઓપન કેટેકરીમાં કુલ ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. બે દિવસમાં કુલ ૩૬ મેચ રમાઈ હતી અને દરેક કેટેગરીમાં ફાઈનલમાં વિજેતા ટીમોને પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી :- ગામ બળદિયા નિવાસી તથા સત્સંગના સ્તંભ સમાન શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. જીવનપર્યંત સત્સંગની સેવા અને ભગવાન શ્રીસ્વામિનારાયણમાં દૃઢ નિષ્ઠા રાખનારા લક્ષ્મણભાઈએ સંતો અને મહારાજને ખૂબ રાજી કર્યા. ભગવાને ખૂબ સંપત્તિ આપી, એ સંપત્તિનો ઉપયોગ લક્ષ્મણભાઈએ સત્સંગને અર્થે કર્યો. સંપ્રદાયના દરેક મંદિરો, ગુરુકુલોમાં લક્ષ્મણભાઈની ખૂબ મોટી સેવા રહી. સેવાની સાથે એમની સમજણ અને સ્મરણ અજોડ રહ્યા. આવા મહાન મુક્તાત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા કલ્યાણભાઈ, વાલજીભાઈ, ધનજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વાલજીભાઈ હરિભાઈ ઠુંમર :- ગામ દ્રોણ નિવાસી શ્રી વાલજીભાઈ ઠુંમર તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર અને સેવક વાલજીભાઈના પવિત્ર આત્માને શ્રીજી મહારાજ પોતાના ચરણોનું સુખ આપે અને શાંતિભાઈ, રતિલાલભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોપાળભાઈ હરજીભાઈ સુતરિયા :- સુરત નિવાસ શ્રી ગોપાળભાઈ સુતરિયા તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર સત્સંગની ખૂબ સારી સેવા કરે છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ શ્રી ગોપાળભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ધર્મેશભાઈ, અજયભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભીખાભાઈ લક્ષ્મણભાઈ ઝાપડિયા :- સુરત નિવાસી પ.ભ. શ્રી ભીખાભાઈ ઝાપડિયા તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. સત્સંગ અને સમાજસેવામાં જોડાયેલા આ પરિવારે ખૂબ સારી પ્રતિષ્ઠા મેળવી છે. સુપુત્ર રમણિકભાઈ કલાક્ષેત્રને સારી રીતે પ્રોત્સાહિત કરે છે. ભગવાન શ્રીહરિ ભીખાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રણણિકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બાબુભાઈ ઘનજીભાઈ દેસાઈ :- સુરત નિવાસી શ્રી બાબુભાઈ દેસાઈ ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ બાબુભાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સુનિલભાઈ, ધર્મેશભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દેવશીભાઈ ભીમજીભાઈ હીરા :- માધાપર નિવાસી શ્રી દેવશીભાઈ હીરા ૧૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ દેવશીભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ચોથીબેન નાનજીભાઈ લીંબાસિયા :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક વસંતભાઈ લીંબાસિયાના માતુશ્રી ચોથીબેન ૧૧૧ વર્ષની ઉંમરે ૨૩ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર મહારાજ તથા સંતોની આજ્ઞામાં રહિ ખૂબ સારી સેવા સાથે સત્સંગ કરે છે. ભગવાન શ્રીહરિ ચોથીબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ વસંતભાઈ, વચુભાઈ, લલિતભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગૌરીબેન ચતુરભાઈ પટેલ :- વિસદપુરા નિવાસી શ્રી ગૌરીબેન પટેલ તા. ૧૨ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે જોડાયેલા પરિવારના ગૌરીબેનના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મિતાલીબેન કાથરોટિયા :- મુંબઈ નિવાસી પ.ભ. ભરતભાઈ કાથરોટિયાના સુપુત્રી મિતાલીબેન તા. ૨૯ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ મિતાલીબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૯/૧૧/૨૩, ગુરુવાર : **રમા એકાદશી** : દિવાળી ઉત્સવ પ્રારંભ. રોજ સાંજે કિર્તનભક્તિ, સાંજે ૮:૦૦ કલાકે અમદાવાદ ગુરુકુલ

તા. ૧૧/૧૧/૨૩ : **કાળી ચૌદશ** : હનુમાનજી પૂજન, સાંજે ૬:૦૦ કલાકે, અમદાવાદ તથા છારોડી ગુરુકુલ

તા. ૧૨/૧૧/૨૩, રવિવાર : **દિવાળી ઉત્સવ તથા લક્ષ્મી પૂજન (ચોપડા પૂજન)** : સવારે ૮:૦૦ કલાકે, અન્નકૂટ દર્શન, સવારે ૧૦:૦૦ કલાકે, દિવાળી ઉત્સવ સાંજે ૮:૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ

તા. ૧૪/૧૧/૨૩, મંગળવાર : **નૂતનવર્ષ પ્રારંભ**

તા. ૨૩/૧૧/૨૩, ગુરુવાર : **પ્રબોધીની એકાદશી**

SGVP®
HOLISTIC
HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

एक कदम,
अनेक आशाएँ

परम पूज्य पुराणी श्री भक्तिप्रकाशदासजी स्वामी

"स्मृति महोत्सव" के अवसर पर

SGVP होलिस्टीक होस्पिटल आयोजित

दिव्यांग सेवायज्ञ-२

(नि:शुल्क कृत्रिम पैर सहायता)

प्रेरक : परम पूज्य गुरुवर्य श्री माधवप्रियदासजी स्वामी

मार्गदर्शक : परम पूज्य सद्गुरु पुराणी श्री बालकृष्णदासजी स्वामी

रजीस्ट्रेशन (पंजीकरण) के लिए संपर्क

+91 95122 00122, 02717 240001

SGVP केम्पस, निरमा युनि. के सामने, S.G. हाइवे, अहमदाबाद, गुजरात, भारत

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા ખાતે ઉજવાયેલ ગણેશ મહોત્સવ દરમિયાન પાલખીયાત્રામાં તથા અભિષેકમાં જોડાયેલા સંતો તથા ભક્તો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

કથા પ્રારંભે ઉદ્‌ઘાટન તથા દીપપ્રાગટ્ય

શિક્ષક સંમેલનમાં ઉપસ્થિત શિક્ષણમંત્રીશ્રી

કથાના યજમાન યોગેશભાઈ તથા સમસ્ત પરિવારનું સન્માન

અ.નિ. પરમ પૂજ્ય પુરાણી સ્વામી, અ.નિ. પ.ભ. શ્રી ઘીરુભાઈ વઘાસિયા, અ.નિ. સાંખ્યયોગી શ્રી રવિકાંતાબાની પવિત્ર સ્મૃતિમાં પૂજ્ય સ્વામીજીના વ્યાસાસને આયોજિત શ્રીમદ્‌ભાગવત કથા - રીબડા ગુરુકુલ.
કથા દરમિયાન શિક્ષક સંમેલન, રાજોપચારપૂજન, અભિષેક, યજ્ઞ, ગૌપૂજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલામંચ, શ્રીકૃષ્ણજન્મોત્સવ, રામજન્મોત્સવ, ગોવર્ધનલીલા, રૂક્મિણી વિવાહ જેવા અનેક આયોજનો કરવામાં આવ્યા હતા.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-